# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-12-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# UNITY MARCH

સરદાર @150 એકતા પદયાત્રા ના એકતાનગરમાં સમાપન સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન ,કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયા , મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ રહ્યા હતા.

સ્ટેચ્યું ઓફ યુનિટી પોહોંચતા પહેલા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા એ જણાવ્યુ કે આ પદયાત્રા એક વિચાર બની ગઈ છે

**BYTE MANSUKH MANDAVIYA**

આ પ્રસંગે નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. હજારો લોકો, યુવા મંડળ, મહિલા મંડળી અને સામાજિક સંસ્થાઓએ જોડાઈ સરદાર સાહેબના એકતા અને રાષ્ટ્રભક્તિના સંદેશને પ્રજા સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો.

. . . . . . . . . . . . .

# AMIT SHAH –BANASKANTHA

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે જાહેરાત કરી છે કે સરકાર ડેરી ક્ષેત્રમાં સરક્યુલર અર્થતંત્ર મોડેલ લાગુ કરીને આગામી પાંચ વર્ષમાં પશુપાલકોની આવકમાં 20 ટકાનો વધારો કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

બનાસ ડેરીના બાયો-સીએનજી અને ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન અને બનાસ ડેરીના અત્યાધુનિક 150 ટીપીડી દૂધ પાવડર અને બાળક ખોરાક પ્લાન્ટનો શિલાન્યાસ કર્યા પછી, ગુજરાતના સણાદરમાં એક જાહેર સભાને સંબોધતા મંત્રીએ આ જાહેરાત કરી હતી.

બનાસ ડેરી દ્વારા સરક્યુલર અર્થતંત્રના સફળ અમલીકરણ પર ભાર મૂકતા, શ્રી શાહે પુનરોચ્ચાર કર્યો કે સરકાર ભારતમાં તમામ ડેરીઓમાં આ મોડેલ લાગુ કરવા માટે કામ કરી રહી છે.

AMIT SHAH BANS DAIRY 1

મંત્રીએ ચાર મુખ્ય ધ્યેયો પર ધ્યાન કેન્દ્રિત કરીને શ્વેત ક્રાંતિ 2.0 ની સફળતા સુનિશ્ચિત કરવાનું વચન આપ્યું હતું: સુધારેલ રાષ્ટ્રીય ગોકુલ મિશન , પશુપાલન માળખાગત સુવિધા , રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ અને ડેરી વિકાસ.

મંત્રીએ માહિતી આપી કે સાંસદોનું એક પ્રતિનિધિમંડળ હાલમાં એશિયાની સૌથી મોટી ડેરીની વૃદ્ધિ વાર્તાની સમીક્ષા કરવા માટે બનાસ ડેરીની મુલાકાત લઈ રહ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી આજે બપોરે બનાસ ડેરી ખાતે સહકાર મંત્રાલયની સંસદીય સલાહકાર સમિતિની ત્રીજી બેઠકની અધ્યક્ષતા કરશે. ત્યારબાદ તેઓ અગથલામાં નવા બાયો-સીએનજી અને ખાતર પ્લાન્ટની મુલાકાત લેશે અને મહિલા દૂધ ઉત્પાદકો સાથે વાતચીત કરશે. મંત્રી પશુધન પહેલની સમીક્ષા કરશે અને બનાસકાંઠાના પાલનપુરમાં તેલ મિલ , લોટ અને મધ પ્લાન્ટ સુવિધાઓની મુલાકાત લેશે.

. . . . . . . . . . .

# Patan- baba saheb

**દેશ સહિત રાજ્યભરમાં બાબાસાહેબ આંબેડકરની 70મી પુણ્યતિથિ પર નાગરિકો શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યા છે.**

ભારતના બંધારણના શિલ્પી , ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરના 69માં મહાપરીનિર્વાણ દિનની પાટણ ખાતે ઉજવણી કરાઈ.

પાટણના ધારાસભ્ય ડૉ. કિરીટ પટેલ સહિત ભાજપ અને કોંગ્રેસના આગેવાનો કાર્યકરો, સહિત અન્ય મહાનુભાવોએ બાબાસાહેબની પ્રતિમા પર પુષ્પાંજલિ અર્પણ કરી.

આ પ્રસંગે પાટણ જિલ્લા હોમગાર્ડ યુનિટ દ્વારા રેલી યોજીને સ્વચ્છતા અને વ્યસન મુક્તિનો સંદેશો પ્રસરાવ્યો તેમજ રક્તદાન કેમ્પ દ્વારા સમાજ સેવાનું રચનાત્મક કાર્ય કરી ડૉ. બાબા સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરાઈ.

. . . . . . . . . . . . .

# SIR WORKING

ગુજરાત સહિત અનેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં મતદાર યાદી સઘન સુધારણા ઝુંબેશનું કાર્ય ચાલી રહ્યું છે. મહેસાણા જિલ્લામાં SIRની કામગીરી 91 ટકાએ પહોંચી છે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે , 91 હજાર 741 મતદારોના સ્થળાંતર થયાં છે. 54 હજાર મતદારો મૃત્યુ પામ્યા છે. 17 લાખ 45 હજાર ફોર્મ ભરાયાં છે. જ્યારે 46 હજાર મતદારોના ફોર્મ પરત મેળવવાના બાકી છે.

અરવલ્લી જિલ્લામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત સરેરાશ ૯૪.૯૧ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે. તેમજ આગામી દિવસમાં SIR ની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરવામાં આવશે , તેવું અરવલ્લી જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.અત્યાર સુધીમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત અરવલ્લી જિલ્લામાં સમાવિષ્ટ ભિલોડા વિધાનસભા મતવિસ્તારમાં ૯૨.૭૧ ટકા , મોડાસા ૯૪.૧૬ ટકા તથા બાયડ વિધાનસભા મતવિસ્તારમાં ૯૮.૬૪ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે

. . . . . . . . . . . . .

# GIRLS HOSTEL – NARESH PATEL

આદિજાતી વિકાસ મંત્રી નરેશ પટેલે   નવસારીના  ચીખલી તાલુકાના ફૂકેરી ગામે શક્તિપથ ગર્લ્સ હોસ્ટેલનું ખાતમુર્હૂત કર્યું. આ પ્રસંગે તેમણે ડોક્ટર બાબા સાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે તેમણે શ્રદ્ધાંજલિ આપતા તેમણે જણાવ્યું કે,  300  દિકરીઓની ક્ષમતા ધરાવતી શક્તિપથ ગર્લ્સ હોસ્ટેલ નિર્માણ પામશે  ત્યારે આજુબાજુના ગામની દિકરીઓ સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવશે.

. . . . . . . . . . . .